# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

રેફ નં. તાઃ ૧/૧૦/૨૦૨૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચાઇનામાં પાવર ક્રાઇસિસને કારણે ભારતના ટેકસટાઇલ સહિતના ઉદ્યોગો માટે યુરોપિયન અને નોર્થ અમેરિકન દેશોમાં એકસપોર્ટ માટે સુવર્ણ તક

## ‘ચાઇના પાવર ક્રાઇસિસ, એડવાન્ટેજ સુરત એન્ડ ઇન્ડિયા’ વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૧લી ઓકટોબર, ૨૦૨૧ના રોજ ‘ચાઇના પાવર ક્રાઇસિસ, એડવાન્ટેજ સુરત એન્ડ ઇન્ડિયા’ વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે ટેકનોલોજિસ્ટ, બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ હરેશ કલકત્તાવાલાએ ઉદ્યોગકારો તથા ઉદ્યોગ સાહસિકોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ વેબિનારમાં સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે ચાઇનામાં પાવર ક્રાઇસિસને કારણે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત જ નહીં પણ ભારતના તમામ ઉદ્યોગો માટે ઉભી થયેલી સુવર્ણ તકનો લાભ લેવા માટે ઉદ્યોગકારો તેમજ ઉદ્યોગ સાહસિકોને અનુરોધ કર્યો હતો. સાથે જ તેમણે કહયું હતું કે, દેશના ઘણા ઉદ્યોગો ચાઇનાથી રો મટિરિયલ આયાત કરે છે. આથી એવા ઉદ્યોગોને રો મટિરિયલની અછત નહીં વર્તાય તે માટે અત્યારથી જ સાવચેત થઇને તે દિશામાં પ્રયાસ કરવો જોઇએ.

હરેશ કલકત્તાવાલાએ જણાવ્યું હતું કે, ચાઇનામાં મોટા ભાગના પાવર પ્લાન્ટ કોલ બેઇઝ છે અને ત્યાંની સરકારે હાલ કોલ પ્રોડકશનને ઘટાડી દીધું છે. જેને કારણે ત્યાં પાવર પ્રોડકશનમાં ઘટાડો નોંધાયો છે. ચાઇના સરકાર દ્વારા પાવરની કિંમત પણ ફિકસ કરી દેવામાં આવી છે. જેથી પાવર પ્રોડકશન કરનારાઓની હાલત કફોડી થઇ ગઇ છે. અન્ય દેશોમાંથી કોલની આયાત કરવામાં પણ તેઓને ઘણી મુશ્કેલી પડી રહી છે. આથી ચાઇનામાં ૪૪ ટકા જેટલી ફેકટરીઓનું પ્રોડકશન સાવ ઘટી ગયું છે. ત્યાંની સરકારનો જીડીપીનો ૮.૨ ટકાનો ટાર્ગેટ પણ એક જ મહિનામાં ઘટીને ૭.૮ ટકા થઇ ગયો છે.

ચાઇનામાં જ્યાં સુધી અલ્ટરનેટ એનર્જી ઉભી નહી કરવામાં આવે ત્યાં સુધી આ સમસ્યા રહેવાની જ છે. જેને કારણે ચાઇનામાં એલ્યુમિનિયમ, સિમેન્ટ, સ્ટીલ અને ટેકસટાઇલનું સતત ઉત્પાદન કરનારા પ્લાન્ટને માઠી અસર થઇ રહી છે. રો મટિરિયલ્સની શોર્ટેજ થઇ ગઇ છે અને કેમિકલ એન્ડ ડાઇઝને પણ માઠી અસર થઇ છે. જેને કારણે વિશ્વભરમાં રિટેલર્સ અને ટ્રેડર્સ વૈકલ્પિક સોર્સ શોધી રહયા છે.

વિશ્વના એનાલિસ્ટોનું માનવું છે કે, ચાઇના એ ટેકસટાઇલ અને એપેરલનું એકસપોર્ટ કરે છે. પરંતુ ત્યાંની સરકારે કોલ પ્રોડકશન ઘટાડવાને કારણે પાવરનો ભાવ ૩૦થી ૪૦ ટકા વધશે. આથી પ્રોડકશન કોસ્ટ તો વધશે જ સાથે ઉત્પાદનમાં પણ ઘટાડો નોંધાશે અને ટેકસટાઇલની કિંમતમાં સીધો ૩૦થી ૪૦ ટકાનો વધારો નોંધાશે. ચાઇનામાં પાવર ક્રાઇસિસનો સીધો ફાયદો ભારતની તમામ ઇન્ડસ્ટ્રીને થશે.

ખાસ કરીને ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી માટે સુવર્ણ તક ઉભી થઇ છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતની ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી માટે યુરોપિયન અને નોર્થ અમેરિકન દેશોનું માર્કેટ એકસપોર્ટ માટે ખૂલી જશે. કોરોનાને કારણે લોકડાઉન દરમ્યાન પ્રોડકશનમાં જે ઘટાડો થયો હતો તેમાં હવે તેજી જોવા મળી રહી છે. નવરાત્રિ, દિવાળી અને ક્રિસમસ જેવા તહેવારોમાં ટેકસટાઇલ, ડાયમંડ અને જ્વેલરી ઉદ્યોગ માટે ખૂબ જ મોટી તક ઉભી થઇ છે.